PRABHAT EDUCATION FOUNDATION

January 2021 Issue No. 14

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજયુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશ્યિલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યકિતઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવો...

લક્ષ્મી કે જે અત્યારે ત્રણ વર્ષની છે. તેના જન્મ સમયે તે પૂરતું રડી ન હોવાથી તેના મગજને લોહી અને ઓક્સિજન ન મળ્યું. જેના કારણે લક્ષ્મીને ફિઝિકલ ગ્રોથ રીટાર્ડેસનની અશકતતા છે. તેના જન્મ સમય પછી તેને ખેંચ આવવાની મુશ્કેલી પણ ચાલુ થઈ હતી. લક્ષ્મીની આ તકલીફને કારણે તેના માતા-પિતા ખૂબ જ ચિંતિત હતા, જયારે લક્ષ્મી એક વર્ષની થઈ ત્યારે તેના માતા-પિતાએ ડો.હશ્રુતી શાહ કે જેઓ બાળકોના મગજના ડોકટર છે તેમની પાસે લક્ષ્મીની સારવાર શરુ કરાવી. ડો.હશ્રુતી શાહએ લક્ષ્મીની ફિઝિયોથેરાપી સારવાર કરાવવાનું કીધું. ડો.હશ્રુતી શાહે લક્ષ્મીના માતા-પિતાને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનનો રેફ્રન્સ આપ્યો. લક્ષ્મીને પહેલીવાર પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં તેના માતા-પિતા લઈને આવ્યા. ત્યારે મેં અને સંસ્થાના એક સ્પેશિયલ એજ્યુકેટર અમે બંનેએ સાથે મળીને લક્ષ્મીનું શારીરિક વિકાસ, માનસિક વિકાસ અને તેનું સેન્સરી ડેવલપમેન્ટ લેવલ ચેક કર્યું. લક્ષ્મીના માતા-પિતાએ મને જણાવ્યું કે તેને તેડવામાં આવે ત્યારે તેની ગરદન પડી જાય છે, તે બેસી શકતી નથી. પછી મેં તેનું શારીરિક હલનચલન ચેક કર્યું ત્યારે મને જાણવા મળ્યું કે લક્ષ્મી ડાબી-જમણી બાજુ પડખું ફરી શકતી નથી, તેને કમરમાં અને ગરદનમાં કંટ્રોલ રહેતો નથી. લક્ષ્મીની આ તકલીફ જાણીને મેં તેની ફિઝિયોથેરાપીની સારવાર શરુ કરી અને તેને સેન્સરી ઈન્ટગ્રેસન સાથે કસરત કરાવવાની શરૂઆત કરી. લક્ષ્મી ખૂબ જ શાંત બાળક છે, તે કસરતમાં સરસ રીતે સહકાર આપે છે. સતત એક વર્ષ સુધી લક્ષ્મીને ફિઝિયોથેરાપી સારવાર આપવાથી હવે તેનામાં કમર અને ગાર્ડનનો કંટ્રોલ આવ્યો છે. તે હવે કમરના ટેકાથી બેસતી થઈ છે અને તે પડખું ફરવાનો પ્રયત્ન પણ કરે છે. છેલ્લા 6 મહિનાથી લોકડાઉન હોવાને કારણે સેન્ટર પર આવવાનું બંધ થયું હતું ત્યારે તેના માતા-પિતા ઘરે સરસ રીતે કસરત કરાવતા હતા. તેના કારણે લક્ષ્મીમાં સુધારો જોવા મળ્યો હતો. લક્ષ્મીમાં સુધારો જોઈને તેના માતા-પિતા, પ્રભાત સંસ્થા અને હું ખૂબ જ ખુશીની લાગણીની અનુભૂતિ કરીએ છીએ!

By: - Manish Mistry
Physiotherapist





લીડર સ્ટોરી

**કહેવાય છે ને કે, "માણસોની શકિત પોતાની આત્મામાં હોય છે,**
**અને આત્મા ક્યારેય વિકલાંગ હોતી નથી."**

વાત છે, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના વટવા વોર્ડમાં બાગે કૌશર કલસ્ટરમાં લીડર તરીકે કાર્ય કરતા આવિદભાઈની. તેઓ પોતે અસ્થિ-વિષયક[Orthopedic paralysis] દિવ્યાંગતા ધરાવે છે. આ દિવ્યાંગતાના લીધે તેમને ચાલવામાં વધુ તકલીફ થાય છે. તેમ છતાં પણ તેઓ સંસ્થા દ્વારા કરવામાં આવતા કોઈપણ પ્રોગ્રામમાં પોતાનો અમૂલ્ય ફાળો આપે છે. આવિદભાઇના પરિવારમાં 5 સભ્યો રહે છે. જેમાં 3 બાળકો અને તેમના પત્નીનો સમાવેશ થાય છે. તેમની આર્થિક પરિસ્થિતી બહુ સારી નથી. તેઓ સીલાઇકામ કરી ઘરનું ગુજરાન ચલાવે છે, સીલાઇકામમાં ખાસ કરીને જીન્સ અને કાપડની બેગને સીલાઇ કરવાનું કાર્ય કરે છે. તેમની પાસે સમયનો અભાવ હોવા છતાં પણ તેઓ પોતાના આ કાર્યમાથી સમય કાઢી સંસ્થા દ્વારા કરવામાં આવતા દરેક કાર્યમાં મદદ કરે છે.

કોરોના મહામારીના કપરા સમયમાં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા એવા પરિવારો કે જેમની આર્થિક પરિસ્થિતી બહુ ખરાબ હોય તેવા કુટુંબોને સમયસર પૂરતા પ્રમાણમાં જમાવાનું મળી રહે તે માટે અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ સમયે આવિદભાઇ દ્વારા પોતાના એરિયામાં જરૂરિયાતવાળા પરિવારોને મળી, તેઓને ઘેર-ઘેર જઈને અનાજની કીટ આપેલ છે, તેમજ માસ્ક બનાવી તેનું વિતરણ કરેલ છે. આ માસ્ક બનાવવા માટે જે મટેરીયલ્સની જરૂર પડે તે સંસ્થા તરફથી આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત થોડા સમય પહેલા આવિદભાઈને પેટમાં પ્રોબ્લેમ હતો, તે વખતે દિવાળીનો માહોલ હતો. ત્યારે સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ કોડિયાના પેકીંગ માટે થેલીઓ બનાવવાની જરૂર પડી હતી. તો તેમનાથી કામ થાય એમ ન હતું. ડોક્ટર દ્વારા કહેવામા આવ્યું હતું કે તમે હમણાં કોઇ કામ ન કરતાં, તેમ છતાં પણ તેઓએ પોતાના દ્રઢ સંકલ્પ અને હીંમતના સહારે પેંકીંગ માટે જરૂરી થેલીઓને સીલાઇ કરી આપી.

ખરેખર આવિદભાઈમાં 80% થી પણ વધારે દિવ્યાંગતા હોવા છતાં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના સાથ-સહકારથી લોકો સુધી પહોચી તેમને જીવન જરૂરી સહાય અપાવી મદદ કરવાની અનોખી ધગશ અને હુન્નર છે. તેમને પોતાની દિવ્યાંગતા માટે કોઇ અફસોસ નથી. કારણ કે કોઇ સામાન્ય વ્યકિત પણ ન કરી શકે તે માટે તેઓ પોતે કરી રહ્યા છે. આવિદભાઇ લીડર તરીકે વિશ્વાસથી યોગ્ય કામગીરી કરી રહ્યા છે.

ખરેખર આવિદભાઈ જેવા લીડરના સાથ-સહકારની સંસ્થાને ખૂબ જરૂર છે. સંસ્થા તેમનો આભાર માને છે. આવિદભાઈ જેવા લીડરને સંસ્થા તરફથી સલામી!

By: - Kishorbhai Vaghela
Special Educator





https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.instagram.com/prabhat_education_foundation/

"Earlier I was never satisfied or happy with the things I have or was given, I always wanted more or wanted something else. My experience with Prabhat's buddies has made me realize the true value what I have and what I receive. I see the joy they get by receiving the smallest of gifts and I realized it is so important to feel content and happy and that joy is not limited to materialistic things".

-Riverside student [Grade 6.]

મંથલી અપડેટ

**ઉલ્લાષભર્યા સમાચાર :-** સંસ્થાના ફિઝિયોથેરાપી તરફથી. લોકડાઉન પછી બાળકોએ ફિઝિયોથેરાપી માટે સેન્ટર પર આવવાની શરૂઆત કરી. સંસ્થાના ત્રણેય પ્રોગ્રામના બાળકો કસરત માટે સેન્ટર પર આવતા થયા છે. તે એક ખૂબ આનંદની વાત છે.

**મેન્સટ્રુઅલ [માસિકચક્ર] ટ્રેનિંગ અને અવેરનેસ પ્રોગ્રામ:-** હાલની COVID-19 રોગચાળો સંદર્ભને જોતા, માસિક સ્વચ્છતા સંબંધિત ચિંતાને વધુ ગંભીર બનાવવામાં આવી છે. ભારતમાં ફક્ત 56% સ્ત્રીઓ સેનિટરી પેડ અથવા ટેમ્પોનનો સંયોજનમા ઉપયોગ કરે છે. COVID-19 વખતે, માત્ર 15% સ્ત્રીઓ જ સેનેટરી પેડનો ઉપયોગ કરતી હતી. ગ્રામીણ વિસ્તારમાં લોકોની મર્યાદિત ગતિશીલતા, પરિવહન અને ભૌતિક સંશાધનોની અછતના કારણે સેનિટરી પેડ્સ મેળવવા માટે 10થી 40 કિ.મી.ની મુસાફરી કરવી પડે છે. કપડાંનો ઉપયોગ કરતી સ્ત્રીઓને જાણ કરી છે કે તે સ્વચ્છ પાણી અને સાબુથી ધોઈ શકતા નથી અથવા તેને સૂર્યપ્રકાશમાં સૂકવવા માટે સક્ષમ નથી, તેમને સમજાવવામાં આવ્યું કે કપડાનો ઉપયોગ ઘટાડી, સેનેટરી પેડનો ઉપયોગ વધારી તેમના સંભવિત વિવિધ પ્રજનન માર્ગમાં થતા ચેપને અટકાવવું. આ મહિને પ્રભાતે "O Womaniya" સાથે સંકળાઈને આવી માહિતી મહિલાઓ સુધી પહોંચે તે અંગે અવેરનેસ કેમ્પનું આયોજન કર્યું. આ મેન્સટ્રુઅલ [માસિકચક્ર] ટ્રેનિંગ અને અવેરનેસ પ્રોગ્રામ 5 દિવસનો રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં કુલ 500 જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. આ અવેરનેસ પ્રોગ્રામ સંસ્થાના સ્કૂલ પ્રોગ્રામની સ્કૂલોમાં, બચુભાઈના કુવા પાસે અને U.C.D. સેન્ટરમાં રાખવામાં આવ્યો. આ અવેરનેસ કેમ્પમાં કોમ્યુનિટી મહિલાઓને અવેરનેસની સાથે ફ્રી સેનેટરી પેડ આપવામાં આવ્યા.

**સ્પીચ ટ્રેનિંગ:-** સંસ્થામાં સ્પીચ થેરાપી ટ્રેનિંગ કે જે જર્મનીના સ્પીચ-થેરાપી નિષ્ણાંત બિરગિટ માર્ટિન દ્વારા ઓનલાઇન આપવમાં આવે છે. તે ટ્રેનિંગમાં આ વખતે સરળ બ્રીધીંગ એકસરસાઇઝ, પ્રોનાઉન્સિંગ એન્ડ રેકગનાઇઝ ઓફ ડિફરન્ટ સાઉન્ડના વિષય પર ટ્રેનિંગ આપવામાં આવી હતી.

**બડી ઈન્ટરેકસન:-** પ્રભાત સંસ્થાના બાળકો પોતાના નવા દોસ્તો (બડી) બનાવી રહ્યા છે કે જે છે રેડબ્રીક્સ સ્કૂલના સ્ટુડન્ટ્સ. જેઓ પ્રભાતના બાળકો સાથે ઓનલાઇન દ્વારા સમય પસાર કરીને મિત્રતા વધારી રહ્યા છે.

**પ્રજાસત્તાક દિવસની ઉજવણી:-** 26મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસના રોજ સંસ્થાના વટવા સેન્ટરમાં "Aprochorg", ચિન્મય, પ્રિયા અને યુ.એસ. પિઝા દ્વારા એક ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું. તેમાં સંસ્થાના 65 બાળકોએ ભાગ લીધો હતો. ઈવેન્ટમાં મ્યુઝિક-શો, મેઝીક-શો રાખવામાં આવ્યો હતો. મેઝિકમેન દ્વારા નવા-નવા મેઝીક બાળકોને બતાવવામાં આવ્યા. તેની સાથોસાથ યુ.એસ. પિઝા દ્વારા દરેકે-દરેક બાળકોને પિઝા આપવામાં આવ્યા હતા.

**સહાયક સેવાઓ:-** સંસ્થા દ્વારા દર મહિને સરકારી સાધન-સહાયના લાભ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને વિનામૂલ્યે પુરા પાડવામાં આવે છે . તેમાં એસ.ટી. પાસ, સાધનો, U.D.I.D. કાર્ડ વગેરે જેવી સહાયના ફોર્મ ઓનલાઇન ભરવામાં આવે છે. જેની વિગત નીચે પ્રમાણે છે:
એસ.ટી. પાસ - 15 ફોર્મ
સાધન-સહાય - 11 ફોર્મ
U.D.I.D. કાર્ડ - 49 ફોર્મ

**એક દિવસ પ્રભાતના નામે:-** ફરીથી આ પંકિતનો ઉચ્ચાર કર્યો ધવલભાઈ જમનાદાસે. કે જેઓ તેમનો જન્મદિવસ દર વર્ષે પ્રભાતના બાળકો સાથે ઉજવે છે. પોતાના જન્મદિવસ નિમિતે તેમને અને તેમના પરિવારે સંસ્થાના વટવા સેન્ટરમાં આવી જન્મદિવસ અને સાથોસાથ ઉત્તરાયણની પર્વની પણ ઉજવણી કરી. તેઓ દ્વારા બાળકોને ઉત્તરાયણની સ્પેશિયલ પતંગ, ફીરકી, પીપુડી અને ચિકકીની કીટનું વિતરણ કરવામાં આવ્યું.

**"આયો શિયાળો ઠંડી લઈને":-** રીવરસાઈડ સ્કૂલની ટીમ તરફથી સંસ્થાના બાળકોને બ્લેન્કેટ આપવામાં આવ્યા.

**વોલિયન્ટર્સ:-** અમદાવાદ યુનિવર્સીટી[A.U.]ના સ્ટુડન્ટ સંસ્થામાં વોલિયન્ટર્સ તરીકે ફરજ બજાવે છે. તેમાં આ મહિનામાં સ્ટુડન્ટની નવી બેચ આવી, તે બેચના સ્ટુડન્ટ્સ સાથે ઓનલાઇન ઝૂમ મીટીંગ કરવામાં આવી. તે મીટીંગમાં સ્ટુડન્ટ્સને સંસ્થા વિશે અને સંસ્થાના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ અંગેની જાણકારી આપવામાં આવી. સંસ્થાના બાળકોની જરૂરિયાત અને તેને લગતા વિડીયો બનાવવાના હેતુ અંગે સમજણ આપવામાં આવી હતી. ઘણા સમય પછી સારા સમાચાર પ્રભાત સંસ્થાના ફિઝિયોથેરાપીસ્ટ તરફથી. લોકડાઉન પછી બાળકો પ્રથમવાર સેન્ટર પર આવ્યા અને તેઓને ફિઝિયોથેરાપી આપવાની શરૂઆત કરાવાઈ.

https://www.oowomaniya.com/

http://www.schoolriverside.com/

http://www.aproch.org/



મેન્સટ્રુઅલ ટ્રેનિંગ અને અવેરનેસ પ્રોગ્રામ



U.D.I.D કાર્ડ



ફિઝિયોથેરાપી ક્લાસ



બ્લેન્કેટ વિતરણ



હાર્દિકભાઈને શુભેચ્છા



'ધ ગાર્ડિયન એંજલ એવૉર્ડ'

## ફોટો ગેલેરી



ફિઝિયોથેરાપી ક્લાસ



મેજીક શૉ



ધવલભાઈ જમાનદાસના જન્મદિવસની ઉજવણી

PRABHAT EDUCATION FOUNDATION

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org